**ડાયરેક્ટર જનરલ, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજ્યના તાબાના જિલ્લા તાલીમકેન્દ્ર માધવનગર તથા જરોદ ખાતેની સેન્ટર કમાન્ડર, વર્ગ-૨ ની એક-એક એમ કુલ-૦૨ હંગામી જગ્યાઓ કાયમી કરવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/૧૧૫(પાર્ટ-૧)/ફ.**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૯/૧૦/૨૦૧૫.

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહ વિભાગના તા.૧૦/૧/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/૧૧૫/ફ.
(૨) ગૃહ વિભાગના તા.૧૮/૧૨/૨૦૧૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૩) ડાયરેક્ટર જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા.૧/૧૦/૨૦૧૫ પત્ર ક્રમાંકઃ-કજ/મકમ/૯૧૩(૧)/૨૮૦૫/૨૦૧૫.

**ઠ રા વઃ-**

ડાયરેક્ટર જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજ્યના તાબાના જિલ્લા તાલીમકેન્દ્ર માધવનગર તથા જરોદ કચેરીના મહેકમ પરની સેન્ટર કમાન્ડર, વર્ગ-૨ (પ.ધો.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૬૦૦/-) ની એક + એક કુલ-૦૨ હંગામી જગ્યાઓ ઉકત ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૧૦/૧/૨૦૦૮ ના ઠરાવથી ઉભી કરવામાં આવેલ હતી. નાણાં વિભાગની મંજુરી અન્વયે આ હંગામી જગ્યાઓની મુદત લંબાવવામાં આવેલ હતી. છેલ્લે ઉકત ક્રમાંક(૨) ના ઠરાવથી સેન્ટર કમાન્ડર, વર્ગ-૨ ની આ જગ્યાઓ તા.૨૯/૨/૨૦૧૬ સુધી હંગામી જગ્યાઓ તરીકે લંબાવવામાં આવેલ છે. સેન્ટર કમાન્ડર, વર્ગ-૨ ની આ ૦૨ (બે) જગ્યાઓ ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ભરેલી હોવાથી તથા હંગામી જગ્યા તરીકે લંબાવવામાં આવતી હોવાથી ડાયરેક્ટર જનરલ, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદની ઉકત ક્રમાંક (૩) માં દર્શાવેલ પત્ર અન્વયે કાયમી જગ્યામાં રૂપાંતર કરવા અંગે કરેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે ડાયરેક્ટર જનરલશ્રી, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજ્યના તાબાના જિલ્લા તાલીમકેન્દ્ર માધવનગર તથા જરોદ કચેરીના મહેકમ પરની સેન્ટર કમાન્ડર, વર્ગ-૨ (પ.ધો.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૬૦૦/-) ની એક-એક એમ કુલ-૦૨ હંગામી જગ્યાઓ ત્રણ વર્ષ કરતા વધારે સમયથી ભરાયેલ હોઇ તથા જગ્યાની જરૂરીયાત અને અગત્યતાને ધ્યાને લઇને હંગામી જગ્યાઓને નીચેની શરતોને આધીન કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

શ ર તોઃ-

(૧) આ અંગે થનાર ખર્ચ માંગણી ક્રમાંક ૪૬ મુખ્ય સદર ૨૦૭૦ અન્ય વહીવટી સેવાઓ, ગૌણસદર-૧૦૭ ગૃહરક્ષક દળ, પેટાસદર-૦૧ હેઠળ જે તે વર્ષના અંદાજપત્રમાં મંજુર થનાર અનુદાનમાંથી મેળવવાનો રહેશે.

(૨) આ અંગે થનાર ખર્ચ પેટે ૨૫ % રકમ કેન્દ્ર સરકાર પાસેથી સમયસર મજરે મેળવવાની જવાબદારી ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રી(ગૃહ) ની તા.૧૭/૧૦/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

૧. ડાયરેકટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.
૨. સેન્ટર કમાન્ડરશ્રી, જિલ્લા તાલીમકેન્દ્ર, માધવનગર જિ.અમદાવાદ./ જરોદ જિ.વડોદરા.
૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
૪. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/વડોદરા.
૫. નાણાં સલાહકારશ્રી, (ગૃહ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. શાખા સિલેકટ ફાઈલ.